# True Credits Private Limited

true credits

# એકાઉન્ટ એગ્રીગેટર - નિયમો અને શરતો

દસ્તાવેજ ક્રમાંક: **TC-AATC**

# દસ્તાવેજની વિગતો

| ચોક્કસ બાબતો | વિગતો |
| --- | --- |
| મથાળું | એકાઉન્ટ એગ્રીગેટર - નિયમો અને શરતો |
| આવૃતિ | 1.0 |
| વર્ગીકરણ | જાહેર |
| વર્ણન | એકાઉન્ટ એગ્રીગેટર - નિયમો અને શરતો |

("ટી એન્ડ સી") માટે આ નિયમો અને શરતો તમારી, વપરાશકર્તા અને (હવેથી "ગ્રાહક" અથવા "તમે" તરીકે ઓળખવામાં આવશે અને તેમાં "તમારું" જેવા સર્વનામો સામેલ હશે) અને બેલેન્સ હીરો ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ વચ્ચે કાયદેસરનો બંધનકર્તા કરાર છે. (હવે પછી જેને "બેલેન્સહીરો" અથવા "કંપની" અથવા "અમે" તરીકે ઓળખવામાં આવશે).

ફાયનાન્સીયલ ઈન્ફોર્મેશન પ્રોવાઈડર ("FIP") પાસેથી ગ્રાહક ("ડેટા") ને લગતી નાણાકીય માહિતી પુનઃપ્રાપ્ત કરવા અથવા એકત્રિત કરવા માટે આ નિયમો અને શરતો એકાઉન્ટ એગ્રીગેટર ("AA") દ્વારા ફાયનાન્સીયલ ઈન્ફોર્મેશન યુઝર ("FIU") ને પૂરી પાડવામાં આવતી સેવા માટે લાગુ પડે છે, માસ્ટર ડાયરેક્શન - નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની - એકાઉન્ટ એગ્રીગેટર (રિઝર્વ બેન્ક) નિર્દેશો, 2016, સમયે સમયે સુધારેલા અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ("RBI") દ્વારા સૂચિત અન્ય લાગુ દિશાનિર્દેશો અનુસાર. FIU અને AA વચ્ચે ગેટવે તરીકે કામ કરવા સહિત વિવિધ સેવાઓ પૂરી પાડવા માટે ટેક્નોલોજી સેવા પૂરી પાડનારાઓની પણ મદદ FIU લે છે. AA, FIU અને જણાવેલા ટેકનોલોજી સેવા પૂરી પાડનારની વિગતો પરિશિષ્ટ **1** તરીકે જોડવામાં આવી છે.

FIU ગ્રાહકને વિવિધ લોન ઉત્પાદનો પૂરા પાડવાના હેતુસર ગ્રાહકના ડેટાનો ઉપયોગ કરશે ("હેતુ").
આ નિયમો અને શરતોનો દસ્તાવેજ એ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000 અને તેની હેઠળ લાગુ પડતાં નિયમોનો એક ઇલેક્ટ્રોનિક રેકોર્ડ છે અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000 દ્વારા સમયે સમયે સુધારેલા વિવિધ કાયદાઓમાં ઇલેક્ટ્રોનિક રેકોર્ડ્સને લગતી જોગવાઈઓ છે. આ, ઈલેક્ટ્રોનિક રેકોર્ડને કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા જનરેટ કરવામાં આવે છે અને તેમાં કોઈ ભૌતિક અથવા ડિજિટલ હસ્તાક્ષરની જરૂર નથી.

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા) નિયમો, 2011 ના નિયમ 3 (1) ની જોગવાઈઓના અનુસંધાનમાં આ દસ્તાવેજ પ્રકાશિત કરવામાં આવ્યો છે જેમાં ઈન્ટરનેટ સંસાધન એટલે કે વેબસાઈટ તેમજ True Balance મોબાઈલ એપ્લીકેશન પ્લેટફોર્મ અને અન્ય કોઈપણ એપ્લિકેશન અથવા સોફ્ટવેર "True Balance" બ્રાન્ડ નામ હેઠળ ચાલે છે (હવે પછી જેને "True Balance" તરીકે ઓળખવામાં આવશે) તેના વપરાશ અથવા ઉપયોગ માટેના નિયમો અને નિયમોનું પ્રકાશન જરૂરી છે.

ક્લિક કરવા દ્વારા, તમે સ્વીકારો છો કે તમે આ નિયમો અને લાગુ પડતા અન્ય નિયમો અને શરતો વાંચ્યા, સમજ્યા અને સ્વીકાર્યા છે.

તમે આથી બેલેન્સ હીરો અને FIU ને AA અને FIU ના ટેક્નોલોજી સેવા પૂરી પાડનારા મારફતે પૂરી પાડવામાં આવતી FIU ની સેવાઓ સાથે જોડાવા માટે સુવિધા પૂરી પાડે છે કે જેથી FIP માંથી તમારો ડેટા મેળવી શકે અને FIU ના આવા ડેટાને ઉપર જણાવેલ હેતુ માટે ટ્રાન્સફર કરી શકો.

AA ને FIP માંથી તમારો ડેટા મેળવવા અને ઉપર જણાવવામાં આવેલ હેતુ માટે આવા ડેટાને FIU માં ટ્રાન્સફર કરવા સક્ષમ કરવા માટે તમારે AA ને જરૂરી સંમતિ આપવી પડશે.

હાલની ટી એન્ડ સી હેઠળ AA દ્વારા મેળવેલો કોઈ ડેટા બેલેન્સ હીરો દ્વારા સંગ્રહિત કરવામાં આવતો નથી અને તેને ટ્રાન્સફર કરવામાં આવે છે કારણકે AA દ્વારા FIU ને આધાર છે.

તમારે નીચે આપવામાં આવેલ છે તે સહિત AA દ્વારા કરવામાં આવતી તમામ વિનંતીઓ, નિયમો અને સંમતિની વિગતોને કાળજીપૂર્વક વાંચવી જોઈએ:

a) FIP પાસેથી એવા FIU ના ડેટાને ટ્રાન્સફર કરવા માટે AA મારફતે FIU પાસેથી તમે જે મેળવી છે તે તમામ વિનંતીઓની વિગતોની તમારે સમીક્ષા કરવી કે જેથી વિનંતી કરવામાં આવેલ ડેટાની પ્રકૃતિ અને કવોન્ટમને, જે હેતુને માટે આવા ડેટાને એકત્ર કરવામાં આવ્યો છે અને સમયગાળો કે જેને FIU દ્વારા જાળવવામાં આવશે તે સમયગાળાને ચકાસવા માટે;

b) તમે ડેટા ટ્રાન્સફર કરવાની વિનંતીની વિગતોની યોગ્ય રીતે ચકાસણી કર્યા બાદ જ તમારી સંમતિ આપશો અને આ રીતે આપવામાં આવેલી કોઈપણ સંમતિ તમને બંધનકર્તા રહેશે;

c) તમે ડેટા ટ્રાન્સફર કરવાની વિનંતીઓ માટે તમારી સંમતિ રદ કરવા માટે હકદાર હશો.

ભારતના કાયદાઓ આ ટી એન્ડ સી ને સંચાલિત કરશે. આથી ગ્રાહક સહમત બને છે કે ટી એન્ડ સી થી ઉદ્દભવતું કોઈપણ કાયદાકીય પગલું અથવા કાર્યવાહીને ભારતમાં ગુરુગ્રામ, હરિયાણા ખાતેની અદાલતો અથવા ટ્રિબ્યુનલ્સમાં લાવવામાં આવશે અને જેને બદલી ના શકાય તે રીતે પોતાને આવી અદાલતો અને ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રમાં સુપ્રત કરશે. કંપની, જો કે, તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ અન્ય કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા અન્ય યોગ્ય ફોરમમાં ટી એન્ડ સી ને લીધે ઉદ્ભવતી કોઈપણ કાનૂની પગલું અથવા કાર્યવાહી શરૂ કરી શકે છે, અને આથી ગ્રાહક તે અધિકારક્ષેત્ર માટે સંમતિ આપે છે.

વધુમાં, ચિંતા/ફરિયાદ/ફરિયાદોના કિસ્સામાં, ગ્રાહક FIU/AA ની વેબસાઇટ પર આપેલી વિગતો પર સંપર્ક કરી શકે છે.

## પરીશીષ્ટ **1**
## **FIU** અને **AA** ની વિગતો

| | |
|---|---|
| AA | ફિનસેક AA સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ<br>નોંધાયેલ ઓફિસ: 10-2-289/71, ક્રિષ્ના ડોયેન # 501, શાંતિનગર, હૈદરાબાદ 500 028, ભારત<br>વેબસાઇટ: https://www.onemoney.in |
| FIU | ટ્રુ ક્રેડિટઝ પ્રાઈવેટ લિમિટેડ<br>નોંધાયેલ ઓફિસ: 5મો માળ, સર્કલ વર્ક, હુડા સિટી સેન્ટર મેટ્રો સ્ટેશન, સેક્ટર 29, ગુરુગ્રામ - 122003, હરિયાણા<br>વેબસાઇટ: www.truecredits.in |
| ટેકનોલોજી સર્વિસ પ્રોવાઈડર | ઇગ્નોસી સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ<br>નોંધાયેલ ઓફિસ: ઓપુલન્સ કોર્પોરેટ હાઉસ, બીજો માળ, આંબલી રોડ, અમદાવાદ - 380015, ગુજરાત<br>વેબસાઇટ: www.pirimidtech.com |